# Vice President addressed the Retreat Session of the 13th ASEM Summit

November 26, 2021

# ઉપરાષ્ટ્રપતિએ 13મી એએસઈએમ સમિટના રિટ્રીટ સત્રને સંબોધન કર્યું

નવેમ્બર 26, 2021

કોરોના મહામારીએ વર્તમાન વૈશ્વિક પ્રણાલીમાં રહેલી ખામીનો પર્દાફાશ કર્યો છે; આ અંતરને દૂર કરવા માટે બહુપક્ષીય અને સહયોગી અભિગમની જરૂર છે - ઉપરાષ્ટ્રપતિ

મહાસાગરો સમૃદ્ધિનો માર્ગ છે. તેમનો ઍક્સેસ મુક્ત અને દબાણરહીત રહે તે જરૂરી છે – ઉપરાષ્ટ્રપતિ

આબોહવા પરિવર્તન સામે લડવા માટે આબોહવાને લગતો ન્યાય જરૂરી છે - ઉપરાષ્ટ્રપતિ

ઉપરાષ્ટ્રપતિએ 13મી એશિયા-યુરોપ સમિટના રીટ્રીટ સેશનને સંબોધિત કર્યું

ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ આજે 25મી નવેમ્બરે વર્ચ્યુઅલ ફોર્મેટમાં શરૂ થયેલી બે દિવસીય એએસઈએમ સમિટના રીટ્રીટ સત્રને સંબોધિત કર્યું હતું. આ સમિટનો વિષય "સામુહિક વૃદ્ધિ માટે બહુપક્ષીયવાદને મજબૂત બનાવવો" પર આધારિત હતો. ઉપરાષ્ટ્રપતિએ ગઈકાલે સમિટમાં પ્લેનરીમાં ભાગ લીધો હતો.

શ્રી નાયડુએ રિટ્રીટ સેશનમાં જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળાએ વર્તમાન વૈશ્વિક વ્યવસ્થામાં, ખાસ કરીને આરોગ્ય પ્રણાલી અને સપ્લાય ચેઈનની ઘણી ખામીઓ ઉજાગર કરી છે અને આ અંતરને દૂર કરવા માટે બહુપક્ષીય અને સહયોગી અભિગમની હાકલ કરી છે. કોવિડ-19 સામેની લડાઈમાં ભારતના યોગદાન વિશે વાત કરતાં તેમણે કહ્યું કે વિશ્વની છઠ્ઠા ભાગની વસ્તીમાં ચેપના સંક્રમણને નિયંત્રિત કરીને ભારતે વિશ્વને વધુ સુરક્ષિત બનાવવામાં યોગદાન આપ્યું છે. એક અબજથી વધુ રસીકરણના સીમાચિહ્નરૂપનો ઉલ્લેખ કરતાં શ્રી નાયડુએ કહ્યું કે ભારત જરૂરિયાતવાળા દેશોમાં રસીની વૈશ્વિક નિકાસ ફરીથી શરૂ કરવાની પ્રક્રિયામાં છે.

ઉપરાષ્ટ્રપતિએ સતત વૈશ્વિકીકરણની દુનિયામાં દરિયાઈ સુરક્ષાના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે મહાસાગરો સમૃદ્ધિના માર્ગો છે અને પરંપરાગત અને બિન-પરંપરાગત જોખમો બંનેથી તેમનો પ્રવેશ મુક્ત અને બિનજરૂરી રહે તે મહત્વપૂર્ણ છે. આ સંદર્ભમાં તેમણે પાંચ સિદ્ધાંતોનો ઉલ્લેખ કર્યો જે ભારતના અભિગમને વ્યાખ્યાયિત કરે છે જેમાં મુક્ત, ખુલ્લા અને સુરક્ષિત દરિયાઈ વેપાર, આંતરરાષ્ટ્રીય કાયદાના આધારે દરિયાઈ વિવાદોનું શાંતિપૂર્ણ સમાધાન, કુદરતી આફતો અને દરિયાઈ જોખમોનું સામૂહિક સંબોધન, દરિયાઈ પર્યાવરણ અને દરિયાઈ સંસાધનોનું જતન અને પ્રોત્સાહિત કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે  ક્ષમતા પર આધારિત જવાબદાર દરિયાઈ જોડાણ પર ભાર મુક્યો હતો.

ક્લાઈમેટ એક્શનને સામાન્ય હિતના અન્ય ક્ષેત્ર તરીકે વર્ણવતા ઉપરાષ્ટ્રપતિએ એ બાબતનો પુનરોચ્ચાર કર્યો કે આબોહવા પરિવર્તન સામે લડવાનો માર્ગ આબોહવા ક્ષેત્રે ન્યાય દ્વારા છે જેના માટે દેશોએ એક વ્યાપક અને લાંબા ગાળાનું ચિત્ર સમજવાની જરૂર છે.

શ્રી નાયડુએ જણાવ્યું કે મહામારી પછીના યુગમાં એક અલગ જ દુનિયા આપણી રાહ જોઈ રહી છે. "તે વિશ્વાસ અને પારદર્શિતા, સ્થિતિસ્થાપકતા અને વિશ્વસનીયતા, તેમજ પસંદગીઓ અને નિરર્થકતા પર વધુ ભાર મૂકે છે," તેમણે અવલોકન કર્યું કે એશિયા અને યુરોપના દેશોને એકસાથે લાવીને એએસઈએમ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે. આ પ્રસંગે, તેમણે આ ક્ષેત્રમાં તમામ માટે સુરક્ષા અને વિકાસ સુનિશ્ચિત કરવા માટે એકતાની ભાવના સાથે વિશ્વ સાથે તેના અનુભવ અને સંસાધનોનું આદાનપ્રદાન કરવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનઃવ્યક્ત કરી હતી.

**નવી દિલ્હી**
**નવેમ્બર 26, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.